ક્રમાંક : ગુજકા/વેટ/૧૫/૨૦૦૯-૧૦/જા.૭૫/૬૭

વાણિજિયકવેરા કમિશનરની કચેરી,
ગુજરાત રાજય,વાણિજિયકવેરા ભવન,
આશ્રમરોડ, અમદાવાદ- ૩૮૦ ૦૦૯
તારીખ : ૦૧/૦૫/૨૦૦૯

## જા હે ર પ રિ પ ત્ર

વિષય :- નિયમ-૧૯ હેઠળ તા.૩૧/૩/૦૯ ના રોજ પૂરા થતા ટેક્ષ પીરીયડના માસિક/ત્રિમાસિક પત્રક રજૂ કરવાની સમયમર્યાદા લંબાવવા બાબત.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમના નિયમોના નિયમ-૧૯ ની જોગવાઇ મુજબ તા.૩૧/૩/૦૯ ના રોજ પૂરા થતા ટેક્ષ પીરીયડના માસિક/ત્રિમાસિક પત્રક રજુ કરવાની સમયમર્યાદા તા.૩૦/૪/૦૯ હતી.

રાજયની પ્રવર્તમાન પરિસ્થિતિના અનુસંધાને આ સમયમર્યાદા લંબાવવા વિવિધ વેપારી મંડળ તેમજ વકીલ મંડળની રજુઆતો મળેલ, તે ધ્યાને લઇ જાહેર કરવામાં આવે છે કે તા.૩૧/૩/૦૯ ના રોજ પૂરા થતા ટેક્ષ પીરીયડના માસિક/ત્રિમાસિક પત્રક તા.૮/૫/૨૦૦૯ સુધીમાં રજૂ કરી શકાશે અને તે બદલ ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ-૨૦૦૩ તથા ગુજરાત મૂલ્યવર્ધિત વેરાના નિયમો-૨૦૦૬ અન્વયેની કોઇ પણ દંડકીય કે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે નહીં.

આ પરિપત્રની સંબંધિત સર્વેએ નોંધ લેવી.

સહી/-
(પી.કે.પુજારી)
વાણિજિયકવેરા કમિશનર,
ગુજરાત રાજય,અમદાવાદ.

નકલ રવાના પ્રતિ :-

૧. અધિક સચિવશ્રી (કર), નાણા વિભાગ, ગાંધીનગરને બે નકલમાં.
૨. વાણિજિયકવેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રીને.
૩. ખાસ વાણિજિયકવેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રીને.
૪. અધિક વાણિજિયકવેરા કમિશનરશ્રીના અંગત મદદનીશશ્રીને.
૫. સઘળા અધિક/ સંયુકત વાણિજિયકવેરા કમિશનરશ્રીને.
૬. તમામ નાયબ વાણિજિયકવેરા કમિશનરશ્રીઓને.
૭. તમામ સહાયક વાણિજિયકવેરા કમિશનરશ્રીઓને.
૮. તમામ વાણિજિયકવેરા અધિકારીશ્રીને.
૯. દફતર / તાલીમ શાળાને દસ દસ નકલમાં.
૧૦. વાણિજિયકવેરા ખાતાની તમામ કચેરીઓને.
૧૧. ૫ નકલ જનસંપર્ક શાખાને.
૧૨. સઘળા માન્ય મંડળો તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૧૩. ઇ-ગવર્નન્સ સેલ ને જરૂરી કાર્યવાહી સારૂ.

સહી/-
( એન.સી.અંધારીયા )
સંયુકત વાણિજિયકવેરા કમિશનર,
(કાયદા)
ગુજરાત રાજય, અમદાવાદ.